# પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

## જાહેરનામુ

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક: ક.૨/હદ વિસ્તાર/નારોલ/ ૯૨૬ /૨૦૧૭.
તારીખ: ૭/૧૦/૨૦૧૭.

સરકારશ્રીના ગૃહ વિભાગના તા:૪/૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૫/૭૩૯૮/સ થી વટવા પોલીસ સ્ટેશનનું વિભાજન કરી, નવું **નારોલ પોલીસ સ્ટેશન** ખોલવાનો ઠરાવ થતા સને.૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર આથી વટવા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબ વટવા પોલીસસ્ટેશન અને નારોલ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર તા.૮/૧૦/૨૦૧૭ ના કલાક ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**સુચિત નવા નારોલ પોલીસ સ્ટેશનમાં નીચે જણાવેલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવશે.**

(૧) પૂર્વ વિસ્તાર

ઘોડાસર મેઈન કેનાલ ગરનાળાથી કેનાલ સહિત ગેબનશા ભાડીયા ગરનાળા એસ.પી.રીંગ રોડ ગરનાળાથી શાંતિપુરા ગામ પાછળ ભુતીયા કેનાલ સુધીનો પશ્ચિમ તરફનો વિસ્તાર

(૨) ઉત્તર વિસ્તાર

ઘોડાસર મેઈન કેનાલ ગરનાળાથી ઈસનપુર ચાર રસ્તા સર્વિસ રોડ છોડી નારોલ સર્કલ છોડી દક્ષિણ તરફની રેલીંગથી પશ્ચિમે નારોલ સર્કલ પછીનો પશ્ચિમ તરફનો મેઈન હાઈવે રોડ તથા સર્વિસ રોડ સહિત પિરાણા જુના ઓક્ટ્રોયનાકા ચાર રસ્તા થી શાસ્ત્રીબ્રીજના પૂર્વ તરફના છેડા સુધીનો વિસ્તાર

(૩) પશ્ચિમ વિસ્તાર

શાસ્ત્રીબ્રીજ પહેલા ગ્યાસપુર ગામ તરફ જતો રોડ જે જુના ગરનાળા સુધી ત્યારબાદ ગ્યાસપુર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ થી પીપળજ દેવરાજ એસ્ટેટ સામે આવેલ રઘુવીર ફેબ્રીક ફેક્ટરી સુધીનો તેમજ લાંભા ટર્નીંગથી ખજુરી બસ સ્ટેન્ડ સુધી તેમજ નેશનલ હાઈવે નં-૮ સહીત સબ કેનાલ ગરનાળા સુધી તેમજ આલ્ફા હોટલથી નેશનલ હાઈવે નં.-૮ સહીત સુરેન્દ્ર બોડી વર્કસ સુધી તેમજ જેતલપુર ગામ કામધેનુ ઈન્ડસ્ટ્રીઝ સુધીનો વિસ્તાર

(૪) <u>દક્ષિણ વિસ્તાર</u>

ચોસર ગામ ખારી નદીના પશ્ચિમ તરફના કિનારાથી ભૂતીયા કેનાલ ગરનાળાથી એ.પી.એમ.સી. માર્કેટ સુરેન્દ્ર બોડી વર્કસ સુધીનો વિસ્તાર

<u>વટવા પોલીસ સ્ટેશનમાં નીચે જણાવેલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવશે.</u>

(૧) <u>પૂર્વ વિસ્તાર</u>

કેડીલાબ્રીજ નીચે અમદાવાદ મુંબઈ ડાઉન રેલવે લાઈનનો ભાગ જેમાં પોલનં.-૪૯૦/30 થી ૪૮૮/30 તેમજ ૪૮૫/૨૪ થી ૪૮3/૧૨/૧૪ સુધીનો તેમજ રોપડા બ્રીજ નીચે ડાઉન લાઈન ઉપર સુધીનો વિસ્તાર

(૨) <u>ઉત્તર વિસ્તાર</u>

કેડીલાબ્રીજ નીચે અમદાવાદ મુંબઈ ડાઉન રેલવે લાઈનનો ભાગ જેમાં પોલનં.-૪૯૦/30 થી પશ્ચિમે કેડીલાબ્રીજના પશ્ચિમ છેડાથી ઘોડાસર મેઈન કેનાલ ગરનાળા સુધી ઘોડાસર ચાર રસ્તા મેઈન રોડ11 સુધીનો વિસ્તાર

(3) <u>પશ્ચિમ વિસ્તાર</u>

ઘોડાસર મેઈન કેનાલ ગરનાળા થી કેનાલ સિવાય ગેબનશા ભાડીયા ગરનાળા એસ.પી.રીંગ રોડ ગરનાળા સુધી પૂર્વ તરફનો વિસ્તાર

(૪) <u>દક્ષિણ વિસ્તાર</u>

રોપડા બ્રીજ નીચે ડાઉન લાઈનની ઉપર રોપડાબ્રીજના ભાગથી રોપડા ચાર રસ્તા ગામડી ચાર રસ્તા થી એસ.પી.રીંગ રોડ મેઈન કેનાલ ગરનાળાની શરુઆત સુધીનો વિસ્તાર

તારીખ: ૯ /૧૦/૨૦૧૭
સ્થળ : અમદાવાદ.
સિક્કો :

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)
  - ૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફીસ રેકર્ડમા રાખવી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  - ૨/- લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારૂ.

- જન સંપર્ક અધિકારીશ્રી.

  ૨/- પ્રેસનોટ બહાર પાડવા સારૂ.
- સીનીયર આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરશ્રી,

  ભદ્ર તથા મીરઝાપુર કોર્ટ, અમદાવાદ શહેર ( ૧૮ + ૧૮ નકલો સાથે)
- મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, વડોદરા.

  ૨/- ગર્વમેન્ટ ગેઝેટ ભાગ-૪ માં એસ્ટેટ / ઓર્ડીનરી ગેજેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેઝેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારૂ.
- પોલીસ કમિશ્નરશ્રીની કચેરી તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ.

<u>નકલ સવિનય રવાના</u> :-

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- ખાસ મુખ્ય પોલીસ અધિકારી અને નિયાકમશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ઇન્ટે., ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સે.૧, ક્રાઇમ શાખા, અમદાવાદ શહેર
- સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, મુખ્ય મથક, વહીવટ, વિશેષ શાખા- અમદાવાદ શહેર
- અધિક પોલીસ કમિશ્નરશ્રી, સે.૨, અમદાવાદ શહેર
- અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક, અમદાવાદ શહેર
- તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
- કલેક્ટરશ્રી, અમદાવાદ શહેર.
- સીટી ડેપ્યુટી કલેક્ટરશ્રી, અમદાવાદ શહેર
- મામલતદારશ્રી, અમદાવાદ શહેર.
- મામલતદારશ્રી, દસ્ક્રોઇ તાલુકો, જી: અમદાવાદ.
- જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ રૂરલ / ગાંધીનગર.
- નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પો, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ચીફ મેટ્રો પોલીટન, મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ડિસ્ટ્રીક એન્ડ સેસન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ